# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ

### પ્રશ્નપત્ર - ૨

સમય : બપોરે ૨ થી ૫ રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨ કુલ ગુણ : ૧૦૦

☞ **અગત્યની સૂચના** ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

(વિભાગ - ૧ : 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' નવી આવૃત્તિને આધારે)

નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત માહિતી લખો. (કુલ ગુણ : ૮)**

☞ **નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ હોવા જોઈએ. પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ પ્રશ્નના જવાબને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ. વચનામૃતના નંબર પણ ન લખ્યા હોય તો ચાલે. આ નોંધ પ્રશ્ન-૧, પ્રશ્ન-૨ અને પ્રશ્ન-૩ને સરખી જ લાગુ પડે છે.**

૧. **ધર્મ : સમન્વયકર્તા પરિબળ (૯૨થી ૯૬)** (૧) શ્રી સહજાનંદ સ્વામીએ તેમના ધર્મદર્શનમાં 'સારું તે મારું' નો સિદ્ધાંત રાખી પૂર્વાચાર્યોમાંથી શુભતત્ત્વો ચૂંટી લઈને સમન્વયાત્મક ધર્મદર્શન આપ્યું છે. (૨) તેમણે શ્રીમદ્ રામાનુજાચાર્યે પ્રવર્તાવેલ વિશિષ્ટાદ્વૈતવાદને પોતાનો કર્યો છે. તેમાંથી મુખ્યત્વે પરમાત્માનું પરપણું, સદા સાકારપણું સગુણપણું, કૃપાસાધ્યપણું, સ્વામી-સેવકભાવ, દાસત્વભક્તિ, શરીર-શરીરીનો સદાનો અપૃથક્સંબંધ, ધર્મભૂત-જ્ઞાન જેવા કેટલાક સિદ્ધાંતો સ્વીકાર્યા છે. (૩) શ્રીમદ્ શંકરાચાર્ય પ્રણીત વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્ અને મુમુક્ષુત્વ - એ સાધન-ચતુષ્ટયને પોતાના 'વેદરસ' (વેદરહસ્ય) ગ્રંથમાં સ્થાન આપ્યું છે. મોક્ષ માટે બ્રહ્મજ્ઞાનની આવશ્યકતા તથા જીવનમુક્તિ અને વિદેહમુક્તિના વિચારને અપનાવ્યો છે. શંકરાચાર્યે સ્થાપી છે એવી વ્યવસ્થિત ગુરુપરંપરા કેટલાક ફેરફાર સાથે પોતાના સંપ્રદાયમાં સ્થાપી છે. (૪) વિવિધ વૈષ્ણવાચાર્યો અને કેટલાક શૈવ સંપ્રદાયોની જેમ ભક્તિને જ મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે ગણી છે. અને મોક્ષ પરમશ્વરની કૃપા-અનુગ્રહથી થાય છે એમ સ્વીકાર્યું છે. (૫) શ્રીમદ્ રામાનુજાચાર્યે અને રામાનંદાચાર્યે ઉપદેશેલ વિવેક, વિમોક, અભ્યાસ, ક્રિયા, કલ્યાણ વગેરે સાધનસપ્તક તથા શરણાગત ભક્તે કેળવવાની પાંચ પ્રકારની રુચિ જેવી કે ભગવાનને ગમતાનો વિચાર - ન ગમતી વસ્તુનો ત્યાગ, રક્ષક ભગવાન જ છે એવો દૃઢ વિશ્વાસ-આશરો, આત્મસમર્પણ અને કાર્પણ્ય કહેતાં ગર્વત્યાગ કરી નિર્માની થઈ પ્રભુને આધીન રહેવું વગેરે તેમનાં વચનામૃતોમાં એક યા બીજી રીતે સમાવી લીધાં છે. એમણે કહી છે એવી જ પરમેશ્વરમાં તૈલધારા-વૃત્તિ રાખવાની વાત શ્રી સહજાનંદ સ્વામીએ સ્વીકારી છે. (૬) રામાનુજ, રામાનંદ, મધ્વ અને શૈવ સંપ્રદાયોમાં કહ્યો એવો દાસત્વભક્તિનો આદર્શ સ્વીકાર્યો છે. મધ્વ અને વલ્લભે સૂચવેલ માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિનો સિદ્ધાંત પોતાનો કર્યો છે. (૭) રામાનુજ, મધ્વ અને નિમ્બાર્ક, રામાનંદ, વલ્લભ, ચૈતન્ય, હિતહરિવંશ અને પાશુપત શૈવ સિદ્ધાંતમાં કહ્યો એવો ભક્તે સહિત ભગવાનની ઉપાસનાનો સિદ્ધાંત તેમણે માન્ય રાખ્યો છે, એમ સ્વીકાર્યું છે. (૮) નિમ્બાર્કે અને વલ્લભે આપેલું સંગીતનું અને ગાયનવિદ્યાનું સ્થાન ભગવાનને રાજી કરવાના સાધનરૂપે સ્વીકાર્યું છે. (૯) ચૈતન્યએ પ્રવર્તાવેલ હરિકીર્તનભક્તિ અને નામ સ્મરણનો મહિમા, તેના કેવળ શુદ્ધ સ્વરૂપમાં અપનાવ્યો છે. (૧૦) પ્રપત્તિનું સ્થાન મધ્વના શરણાગતિના સિદ્ધાંતને મળતું છે.

વલ્લભ સંપ્રદાયે વર્ણવેલી આત્મનિવેદી પૂજા સેવા-રીતિ અને માનસીપૂજાવિધિ સ્વીકારી છે. વલ્લભાચાર્યના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજીએ કરેલ વ્રતોત્સવનો નિર્ણય તથા સેવાવિધિનો સ્વીકાર કર્યો છે. સર્વ વૈષ્ણવ, શૈવ, સ્માર્ત અને શાક્ત સંપ્રદાયોએ સ્થાપેલું ગુરુનું સ્થાન અને ગુરુમહિમા તેમણે સ્વીકારી, પરિશુદ્ધ કરી તેને પોતાની આગવી રીતે પ્રવર્તાવ્યો છે. **(૧૧)** વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોએ ઉપદેશેલ દૃઢ શ્રદ્ધા, આશરો અને નિષ્ઠાનું તત્ત્વ તેમણે સ્વીકાર્યું છે. આમ સ્વામિનારાયણીય ધર્મદર્શનમાં સર્વ હિંદુ સંપ્રદાયોનાં શુભ તત્ત્વોનો સુંદર સમન્વય દૃષ્ટિગોચર થાય છે. **(૧૨)** હિંદુ ધર્મ પ્રણીત વેદ, ગુરુ, આચાર્ય, ધર્મગ્રંથો, સહિષ્ણુતા, મતાંતરક્ષમા, હૃદયની વિશાળતા, નીતિ, ભક્તિ, જ્ઞાન, અનાસક્તિ, ભગવાનના સદા સાકાર સ્વરૂપની ઉપાસના વગેરેની આવશ્યકતા - આ બધાં જ શુભ તત્ત્વોનો સુભગ સમન્વય એટલે શ્રી સહજાનંદસ્વામી પ્રણીત સ્વામિનારાયણ સંપ્રદાય. આમ, વ્યક્તિ અને સમાજની નૈતિક, ધાર્મિક અને ઉન્નતિનો હિમાયતી આ સંપ્રદાય છે.

૨. **ભક્તિ અને શરણાગતિ (૭૮-૮૩)** **(૧)** પરમેશ્વરને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે અતિશય સ્નેહ, તે ભક્તિ જાણવી. (શિક્ષા.-૧૦૩) **(૨)** અને ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ..... પરિપૂર્ણ સ્નેહ હોય તેને ભગવાન વિના બીજો સંકલ્પ ન થાય... ને જાણે-અજાણે બીજો કાંઈક ઘાટ થાય, તો જેમ કપાળમાં બળબળતો ડામ દે, ને જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તો વસમો લાગે. (ગ.પ્ર. ૪૪) **(૩)** માટે હેત (સ્નેહ) તો જેમ દેહ ને દેહના સંબંધી સંગાથે છે, તેવું ભગવાનને વિષે કરવું. એ હેતને મૂઢપણાનું હેત કહીએ. (ગ.પ્ર. ૫૭) **(૪)** પરંતુ, પરમેશ્વરને વિષે જે પ્રીતિ હેત કરવું તે આત્મસત્તારૂપ રહીને કરવું. કારણ કે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી, એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. (ગ.પ્ર. ૪૩) **(૫)** આવી રીતે હેત કરનારાએ ચોવીસ તત્ત્વ થકી પોતાના જીવાત્માને પૃથક્ જાણવો. પંચઈન્દ્રિયની વૃત્તિઓને વિષયમાંથી ઉખેડી નાંખીને જીવસત્તાપણે રહીને નિર્ગુણપણે જેટલું હેત ભગવાનમાં થાય તેટલું કરવું. કારણ કે એવી રીતે જે ભગવાનમાં હેત કરે, એ જ શ્રીહરિને ગમે છે. (પં. ૩) **(૬)** ભગવાનનું માહાત્મ્ય જાણીને હેત થાય, તે સર્વોત્તમ છે. (પં. ૩) **(૭)** કારણ કે માહાત્મ્યજ્ઞાન વિનાની ભક્તિ ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે..... અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ હોય, તો બીજા કલ્યાણકારી રૂડા ગુણ તેના હૃદયમાં સર્વે આવે છે... (અને) એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે. (સા. ૫) **(૮)** આવા ભક્તિવાળાને ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. (ગ.પ્ર. ૨૬) **(૯)** તેને ભગવાન સંબંધી જ પંચવિષય હોય છે. જગત સંબંધી પંચવિષયમાં અતિશય અભાવે યુક્ત વર્તે છે. તેથી તે સાચા અર્થમાં રસિક ભક્ત કહેવાય છે. (ગ.પ્ર. ૨૬) **(૧૦)** પતિવ્રતા સ્ત્રીની માફક તેનું મન, પોતાને મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને મૂકીને ક્યાંય લોભાતું નથી. (ગ.મ. ૬૨ ને ગ.અં. ૨૬ પ્રમાણે) **(૧૧)** તેને ઈષ્ટદેવને વિષે સીતાજીની માફક નિર્દોષપણાની દૃઢ નિષ્ઠા હોય છે. એવી ભક્તિવાળો સર્વે ચરિત્રોને વિષે પોતાના ઈષ્ટદેવને નિર્લેપ, નિર્દોષ અને દિવ્ય જુએ છે. (ગ.અં. ૧૧ ને ગ.મ. ૧૦ પ્રમાણે) **(૧૨)** ભક્તિવાળો કુસંગ, દેહાભિમાન ને સ્વભાવનો ત્યાગ રાખે છે. નિર્માનીપણે ભક્તિ કરે છે. ઈર્ષ્યાથી, હરીફાઈ કરવા, સારું દેખાડવા, લોક ને રીઝવવા, બીજાને પાછા પાડવા કે વખાણ માટે ભક્તિ કરવી નહીં, કેવળ પરમેશ્વરની પ્રસન્નતાને અર્થે જ ભક્તિ કરવી. (ગ.મ. ૪૧, ગ.અં. ૬ને ૩૩) **(૧૩)** ''બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું; પણ પ્રકટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું.'' (ભક્તિનિધિ- ૪/૪૭) **(૧૪)** માટે પ્રગટની ભક્તિ સર્વોપરિ છે અને એ જ જીવનમુક્તિની અપાવનારી છે. આવી ભક્તિ, શ્રીહરિના અખંડધારક પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષને પ્રસંગે બ્રહ્મરૂપ થઈએ ત્યારે જ સિદ્ધ થાય છે. **(૧૫)** મુક્તિ ભક્તિએ કરીને છે. અહીં 'ભક્તિ' શબ્દે કરીને 'એકાંતિકી ભક્તિ' એવો અર્થ લેવાનો છે, કારણ કે 'આત્મનિષ્ઠા (જ્ઞાન), વૈરાગ્ય અને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય, આત્મનિષ્ઠા (જ્ઞાન) તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો ધર્મ, આત્મનિષ્ઠા (જ્ઞાન) ને વૈરાગ્ય અતિશય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે. એટલો ધર્માદિ થકી ભક્તિને વિષે વિશેષ છે, તો પણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિષે કોઈ વિઘ્ન થતું નથી.... માટે ધર્માદિક અંગે સહિત (એકાંતિકી) ભક્તિ કરવી. (ગ.મ. ૩૨) **(૧૬)** વળી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને

માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિના સાધનચતુષ્ટયવાળો એકાંતિક ધર્મ (એકાંતિકી ભક્તિ) ઉપદેશીને ભગવાન સ્વામિનારાયણે ભગવદ્ગીતામાં ઉપદેશેલા ચારે માર્ગોનું પ્રતિપાદન કર્યું છે. નીતિ સદાચાર પર આધારિત નિત્યકર્મ, નૈમિત્તિક કર્મો, વિશેષ ધર્મો, સ્વધર્મ ઇત્યાદિ ધર્મ દ્વારા કર્મમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. આત્મનિષ્ઠા અર્થાત્ પાંચ ભેદો અને બ્રહ્મ-પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપના યથાર્થજ્ઞાન દ્વારા જ્ઞાનમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. સદ્-અસદ્ના જ્ઞાનમાંથી પરિણમતા વૈરાગ્યનું પ્રતિપાદન કરીને ત્યાગ અને અનાસક્તિની ભાવનાને પોષી છે. તેણે કરીને કર્મમાં બંધન થતું નથી, ફળની આશા પ્રધાન થતી નથી અને સર્વે કર્મો પરમેશ્વરની આજ્ઞા માની પરમેશ્વરને પરમ લક્ષ્ય રાખીને થાય છે. તેનાથી પ્રવૃત્તિ કરવાં છતાં નિવૃત્તિ અને નૈષ્કર્મ્યની સિદ્ધિ થાય છે. **(૧૭)** આ રીતે વૈરાગ્ય દ્વારા અનાસક્તિમાર્ગનું અને યોગમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિને લીધે બ્રહ્મરૂપ થઈ પરમેશ્વરમાં પ્રીતિ કરાય છે. સર્વે વૃત્તિ, પ્રવૃત્તિ અને પદાર્થ પરમેશ્વરને ચરણે ધરી દેવાથી આત્મનિવેદી થવાય છે. સર્વ ક્રિયા નિર્ગુણ થાય છે. પરમેશ્વરમાં લીનતા (સ્નેહૈક્ય) થાય છે. પરમેશ્વર વરેણ્ય થાય છે. આ રીતે ભક્તિમાર્ગનું પ્રતિપાદન પણ કર્યું છે. **(૧૮)** આ સંપ્રદાયમાં શરણાગતિનો મહિમા છે; પરંતુ શરણાગતે શરણાગતિ ગ્રહણ કર્યા પછી કંઈ જ કરવાનું નહીં અને બધું જ પરમાત્માએ કરવાનું, એવું નથી સ્વીકાર્યું, સદ્ગુરુ દ્વારા પરમાત્માની શરણાગતિ સ્વીકારી, સંપ્રદાયમાં શામિલ થઈ અધ્યાત્મ માર્ગ ગ્રહણ કરનાર મુમુક્ષુજનનાં બધાં જ પાપ, ભય, દોષ, ત્રાસ, ઇત્યાદિથી રક્ષા પરમાત્મા કરે છે; પરંતુ શરણાગતે પરમેશ્વરની મોક્ષપ્રદ કૃપા પામવા માટે પરમેશ્વરની રુચિ, રહસ્ય, અભિપ્રાય અને આજ્ઞાનુસાર કર્મો કરવાં જ પડે છે. ભગવાનનો દૃઢ આશ્રય, મનના માનેલા ધર્મોનો પરિત્યાગ, ભગવાનની મરજી પ્રમાણે જ વર્તન, રક્ષાના કરનારા કેવળ ભગવાન જ છે એ મહાવિશ્વાસ અને ભગવાન સિવાય કોઈની પાસેથી કાંઈ સુખ ન ઇચ્છનારો - ભગવાનનો શરણાગત અનન્ય ભક્ત કહેવાય છે. (વ. ૫) **(૧૯)** અને આવો માહાત્મ્યજ્ઞાને યુક્ત શરણાગત, ભગવાન અને તે ભગવાનના અખંડ ધારક સંતને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે. (લો. ૩) **(૨૦)** તથા પોતાનું સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગ અર્થે માથું દેવું હોય તો દે અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે 'તું પરમહંસ થા' તો તે તત્કાળ પરમહંસ થાય. (ગ.મ. ૬૧) **(૨૧)** એવા શરણાગત પર પરમાત્મા વરેણ્ય થઈને, પોતાના કૃપા-અનુગ્રહ દ્વારા મુક્તિ આપે છે. પોતાના ધામમાં, પોતાની સેવામાં નિત્ય નિવાસ આપે છે. **(૨૨)** હા, એ ખરું છે કે, પરમાત્મા જો પોતે જ અતિકૃપા-કરુણાથી પ્રસન્ન થઈ કોઈ પ્રપન્નને સીધો જ (સાધન માર્ગમાંથી પસાર થયા વગર પણ) પરમપદ આપવા ઇચ્છે તો આપી શકે છે અને આપે પણ છે. આ વસ્તુ પરમાત્માની કૃપા-કરુણાનું અધિકપણું સૂચવે છે, અને નહિ કે પ્રપન્નનો સીધો જ પરમપદનો અધિકાર. **(૨૩)** પોતાના આશ્રિત ભક્તજનને અંતકાળે સ્વધામ તેડી જવા ભગવાન પોતે દિવ્ય દેહે મુક્તો-પાર્ષદોસહ આવે છે. એવું પરમાત્માનું વરદાન છે. આ હકીકત સંપ્રદાયના હરિભક્તોએ અનુભવમાં નિહાળેલી અને સિદ્ધ થયેલી જોઈ છે. તેથી શ્રદ્ધા અને વિશ્વાસથી તેઓ માને છે કે સત્સંગીની અવગતિ ક્યારેય થતી નથી. ભગવાન પોતાના ભક્તની રક્ષામાં જ હોય છે.

૩. **શરીર-શરીરી સંબંધ (૨૧ થી ૨૫) (૧)** પરબ્રહ્મ સર્વોચ્ચ આધ્યાત્મિક તત્ત્વ છે. તે એક અને અદ્વિતીય છે. તેમના તુલ્ય કોઈ છે નહિ, તેમ જ તે જેવો થવાને કોઈ સમર્થ નથી. ''એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે.'' (લો. ૧૩) **(૨)** પરબ્રહ્મ જ પરમેશ્વર પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ છે. તે એક જ સર્વોપરિ, સર્વતંત્ર-સ્વતંત્ર અને સર્વ કારણના કારણ છે. પરબ્રહ્મ સદા સાકાર, સદા સગુણ, સર્વજ્ઞ, સર્વકર્તા, દિવ્ય અને પૂર્ણ છે. અનવધિકાતિશય અનંત દિવ્ય કલ્યાણકારી ગુણોએ યુક્ત તથા સકળ ઐશ્વર્યસંપન્ન છે. સર્વ દોષે અને વિકારે રહિત છે અને અમાયિક છે. **(૩)** જીવ, ઈશ્વર, માયા (પ્રકૃતિ-જગત) અને અક્ષરબ્રહ્મ, એ સર્વના આધાર, નિયામક, કારણ, ધારક અને અંતર્યામી કેવળ પરબ્રહ્મ છે. **(૪)** પરબ્રહ્મ એક જ સ્વતંત્ર, અતિસમર્થ, અંતર્યામી શક્તિએ સર્વવ્યાપક, સર્વદ્રષ્ટા, (સર્વપ્રત્યયસાક્ષી) સર્વના પ્રેરક, સર્વના નિયંતા અને સર્વના આત્મા છે. **(૫)** જ્યારે સામે પક્ષે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મ - એ સર્વે પરબ્રહ્મ-પરમાત્મા દ્વારા નિયામ્ય, વ્યાપ્ય, આધીન, પરતંત્ર અને અતિ-અસમર્થ છે. **(૬)** તેથી જ સર્વના આત્મા, સર્વવ્યાપક અને સ્વતંત્ર-સર્વાધાર પરબ્રહ્મને જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મના શરીરી કહ્યા છે. જ્યારે જીવ, ઈશ્વર, માયા અને

અક્ષરબ્રહ્મને પરબ્રહ્મનું શરીર કહ્યું છે. અહીં 'શરીર-શરીરી-સંબંધ' શબ્દાર્થ કે વાસ્તવિક અર્થમાં ન લેતાં, તેના સાચા ભાવાર્થમાં સમજવાનો છે. (૭) તેઓ કહે છે : ''આત્મા અને અક્ષર એ બેને જે પુરુષોત્તમ ભગવાનનું શરીરપણું તે તો વ્યાપ્યપણું, આધીનપણું અને અસમર્થપણું તેણે કરીને છે. કેવી રીતે તો ભગવાન જે તે પોતાની અંતર્યામીશક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે ને બેય તો વ્યાપ્ય છે. અને ભગવાન જે તે સ્વતંત્ર છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે - પરતંત્ર છે. અને ભગવાન જે તે અતિસમર્થ છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે. એવી રીતે ભગવાન જે તે એ બેયના શરીરી છે અને એ બેય જે તે ભગવાનનું શરીર છે અને શરીરી એવા જે પુરુષોત્તમ ભગવાન તે તો સદાય દિવ્ય મૂર્તિમાન છે. (ગ.પ્ર. ૬૪) (૮) વળી, વચનામૃત ગ.પ્ર. ૬૪નો સમગ્રતયા અભ્યાસ કરતાં 'શરીર' અને 'શરીરી' નાં લક્ષણો શ્રીજીમહારાજના મતે નીચે પ્રમાણે સ્પષ્ટ કરી શકાય. 'શરીર' એટલે પરબ્રહ્મ દ્વારા વ્યાપ્ય, પરબ્રહ્મને આધીન, સદા પરતંત્ર, પરબ્રહ્મની અપેક્ષાએ અતિ અસમર્થ, પરબ્રહ્મને દૃશ્ય, પરબ્રહ્મથી પ્રેર્ય, પરબ્રહ્મથી નિયામ્ય, પરબ્રહ્મ દ્વારા અવસ્થિત અને પરબ્રહ્મની તુલનામાં 'સકળ ઐશ્વર્ય સંપન્ન નહીં.' આત્મા (એટલે પોતપોતાની માયા-પ્રકૃતિ-સમેત સર્વે જીવો અને ઈશ્વરો) તથા અક્ષર (એટલે અક્ષરબ્રહ્મ તથા અક્ષરમુક્તો) હંમેશા પરબ્રહ્મનું શરીર છે, જ્યારે પરબ્રહ્મ તેમના શરીરી છે. (૯) 'શરીરી' એટલે સદા સર્વોપરી પરબ્રહ્મ કે જે સર્વમાં (આત્મા = જીવો+ઈશ્વરોમાં અને અક્ષર = અક્ષરબ્રહ્મ+અક્ષરમુક્તોમાં) વ્યાપક છે, સર્વના આધાર છે, સર્વતંત્ર-સ્વતંત્ર છે, અતિ સમર્થ છે, સર્વના દ્રષ્ટા છે, સર્વના પ્રેરક છે, સર્વના નિયામક છે, સર્વમાં મૂર્તિમાનપણે અંતર્યામી છે અને સકળ ઐશ્વર્ય સંપન્ન છે. ટૂંકમાં પરબ્રહ્મ સદા સ્વતંત્ર, સર્વશરીરી સર્વાધાર અને સર્વાત્મા છે. (૧૦) ''ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે.'' (ગ.મ.૧૭) (૧૧) ''મૂર્તિમાન થકા પણ દ્રષ્ટા અને દૃશ્ય, એ બેયના દ્રષ્ટા છે.'' (ગ.પ્ર. ૬૪) (૧૨) ''સર્વે આત્મા અને તે આત્માને વ્યાપ્ય, ને આત્માને દૃશ્ય એવા જે દેહ, એ સર્વેમાં પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્માપણે રહ્યા છે.'' (ગ.પ્ર. ૬૪) (૧૩) ''તે ભગવાન અણુ-અણુ પ્રત્યે વિરાજમાન છે.'' (ગ.પ્ર. ૭૮) (૧૪) ''ક્ષર અને અક્ષર, એ બેયને પોતાની શક્તિએ કરીને ધારી રહ્યા છે અને પોતે તો ક્ષર અક્ષર થકી ન્યારા છે.'' (ગ.પ્ર.૭૨) (૧૫) ''એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે, તેમજ પ્રકૃતિપુરુષથી પર જે અક્ષરબ્રહ્મ, તેના પણ આત્મા છે.'' (ગ.પ્ર.૭૨) (૧૬) ''આત્મા ને અક્ષર એ સર્વેના પ્રેરક છે, ને સ્વતંત્ર છે, ને નિયંતા છે, ને સકળ ઐશ્વર્યે સંપન્ન છે, ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે.'' (ગ.પ્ર. ૬૪) (૧૭) અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન... અનંત કોટિ .... બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે.'' (ગ.પ્ર. ૭૮) (૧૮) અને ''ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વે તત્ત્વ તેનું આત્મા છે અને તે થકી પર જે પ્રધાનપુરુષ તેનું આત્મા છે અને તે પ્રધાનપુરુષ થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું આત્મા છે અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે, અને એ સર્વે ભગવાનનું શરીર છે.'' (કારિ. ૮) (૧૯) તથા ''પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ (સર્વમાં વ્યાપક એવા નિરવયવ અક્ષરબ્રહ્મ) તેના પણ આત્મા છે અને અક્ષરના (સદા સાકાર સાવયવ અક્ષરબ્રહ્મના) પણ આત્મા છે અને અનંતકોટિ જે મુક્ત તેના પણ આત્મા છે.'' (લોયા-૧૦) (૨૦) એ પરબ્રહ્મ તો ''બ્રહ્મ (અક્ષરબ્રહ્મ)ના પણ કારણ છે, ને આધાર છે, ને પ્રેરક છે.'' (ગ.મ. ૩) (૨૧) અને આ અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મ-પુરુષોત્તમ સાથે 'દાસભાવયુક્ત નિત્યપરમસ્નેહૈક્ય સંબંધથી સીધા જ સદા સર્વદા જોડાયેલા છે. (૨૨) ટૂંકમાં, સર્વના આત્મા, સર્વમાં અંતર્યામીપણે વ્યાપક, સર્વના કારણ અને સર્વકર્તા હોવા છતાં પરબ્રહ્મ સદા દિવ્ય, સાકાર અને નિર્લેપ છે. (ગ.મ. ૧૭ અને ગ.પ્ર. ૬૨) (૨૩) આમ, આગવા અર્થમાં, શરીરથી વિશિષ્ટ શરીરી-પરમાત્મા છે. આ પ્રમાણે ચિદ્ અને અચિદ્થી વિશિષ્ટ હોવા છતાં પરમાત્મા સ્વતંત્ર અને નિર્લેપ છે. આ પ્રકારે સર્વથી પૃથક્ હોવા છતાં જીવ, ઈશ્વર, માયા, મુક્તો અને અક્ષરબ્રહ્મથી સદા વિશિષ્ટ એકમેવ-અદ્વિતીય પરબ્રહ્મ-પરમાત્મા છે. આ એક સ્વતંત્ર-મૌલિક વેદાંતદર્શન છે, જેને આપણે 'નવ્ય વિશિષ્ટાદ્વૈત વેદાંત' તરીકે ઓળખાવી શકીએ.

**પ્ર-૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. અક્ષરબ્રહ્મ : ચિદાકાશ રૂપે વ્યાપક અને પ્રગટ સત્પુરુષરૂપે**

**અક્ષરબ્રહ્મ : ચિદાકાશ રૂપે વ્યાપક (૪૨-૪૩)** (૧) એ જ અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે અનંતકોટિ બ્રહ્માંડમાં સર્વત્ર બાહ્યાંતર વ્યાપક, તેના આધાર અને સર્વ કારણ છે. અને ''જે, જે થકી મોટો હોય તે, તે થકી સૂક્ષ્મ હોય અને તે તેનું કારણ પણ હોય. (ગ.પ્ર. ૬૩) (૨) જે જે પદાર્થ રહે છે તે અવકાશમાં (અર્થાત્ ચિદાકાશમાં) રહે છે અને પદાર્થમાં પણ

આકાશ (ચિદાકાશ) વ્યાપીને રહે છે.. અને આ બ્રહ્માંડ છે તે પણ આકાશને વિષે રહ્યું છે અને બ્રહ્માંડનું કારણ જે પ્રકૃતિ ને પુરુષ તે પણ આકાશને વિષે છે. એવો જે આકાશ (ચિદાકાશ) તે પ્રકૃતિ, પુરુષ અને તેનું કાર્ય પિંડબ્રહ્માંડ એ સર્વને માંહી પણ રહ્યો છે ને સર્વનો આધાર થઈને બહાર પણ રહ્યો છે. એવો જે આકાશ તે તો સુષુપ્તિને વિષે અથવા સમાધિને વિષે લીન થતો નથી... અને સર્વનો આધાર જે આકાશ છે તે નિર્વિકારી છે ને અનાદિ છે.... તે આકાશને બ્રહ્મ કહીએ, ચિદાકાશ કહીએ. અને એ આકાશને વિષે પુરુષ ને પ્રકૃતિ તે સંકોચ અવસ્થાને અને વિકાસ અવસ્થાને પામે છે.... તે ચિદાકાશ છે તે અતિ પ્રકાશવાન છે. અનાદિ છે ને તેની ઉત્પત્તિ-વિનાશ નથી. (ગ.પ્ર. ૪૬) **(૩)** આ ચિદાકાશ (આકાશ) અર્થાત્ અક્ષરબ્રહ્મ તો તમોગુણનું કાર્યરૂપ ભૌતિક આકાશ કે જે અંધકારરૂપ છે, વિકારવાન છે, નાશવંત છે, તેનાથી તદ્દન ભિન્ન છે, પર છે અને સચ્ચિદાનંદરૂપ છે ને તેજરૂપ છે. (ગ.પ્ર. ૪૬) **(૪)** આ સર્વાધાર ચિદાકાશમાં (તેજમાં) બ્રહ્માંડની કોટિઓ રહેલી છે. તે અક્ષરને (અક્ષરધામને) ઉપર, હેઠે ને ચારે પડખે સર્વ દિશામાં બ્રહ્માંડની કાટિઓ છે. (ગ.મ. ૪૨) **(૫)** આમ, અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે સર્વત્ર અંદર-બહાર વ્યાપક છે. સર્વ પદાર્થમાં વ્યાપક છે. રજે રજમાં વ્યાપક છે. રજના કોટાનકોટિ કટકા કરીએ તો તેમાં પણ વ્યાપક છે. (ગ.પ્ર. ૪૬, ૬૩) **(૬)** આ ચિદાકાશરૂપ અક્ષરબ્રહ્મ જીવ પ્રાણીમાત્રના હૃદયને વિષે વ્યાપક છે, અને તેને 'દહરાકાશ' (હૃદયાકાશ) રૂપે શ્રુતિઓમાં વર્ણવ્યું છે. તે દહરાકાશમાં પણ પુરુષોત્તમનારાયણ મૂર્તિમાન વિરાજમાન છે. (ગ.મ.૧૩ ને આધારે)

**અક્ષરબ્રહ્મ : પ્રગટ સત્પુરુષરૂપે (૪૪) (૧)** ગ.પ્ર. ૨૧માં વર્ણવેલ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મના અનાદિના નિત્ય-નિકટતમ સેવક અને ઉત્તમ ભક્ત છે. આ અક્ષરબ્રહ્મને પરબ્રહ્મ જ્યાં પણ, જ્યારે પણ અવતરે ત્યારે સાથે લઈ જાય છે. (ગ.પ્ર. ૭૧) **(૨)** અને પરબ્રહ્મ પોતે મનુષ્યલોકમાંથી અંતર્ધાન થયા પછી (પં. ૭ પ્રમાણે) પણ સદા પ્રગટ રહે છે, કારણ કે ગ.પ્ર. ૫૪ પ્રમાણે મોક્ષનું દ્વાર ઉઘાડું રાખવા, જીવોનું કલ્યાણ કરવા, ને બ્રાહ્મી સ્થિતિ પમાડવા. વળી ગ.પ્ર. ૪૧ પ્રમાણે અક્ષરબ્રહ્મમાં સમ્યક્પ્રકારે અન્વયપણે રહ્યા છે. પરબ્રહ્મ-ભગવાન, આ અક્ષરબ્રહ્મ (ભગવાનને મળેલા અક્ષરબ્રહ્મસ્વરૂપ સત્પુરુષરૂપે) સદાય પૃથ્વી પર પ્રગટ રહે છે. (વ.૧૦) **(૩)** અને તેમના દ્વારા પરબ્રહ્મ પણ સદાય પ્રગટ રહે છે. અને તેને સંગે જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય (લો. ૧૨) સિદ્ધ થાય છે અને બ્રાહ્મી સ્થિતિ (પરબ્રહ્મની સ્થિતિ) પમાય છે. (ગ.મ. ૩૧) **(૪)** ટૂંકમાં અક્ષરબ્રહ્મ 'પરમએકાંતિક' 'પરમભાગવત' 'બ્રહ્મસ્વરૂપ' સત્પુરુષરૂપે પણ મુમુક્ષુઓનું કલ્યાણ કરવા પૃથ્વી પર સદા પ્રગટ રહે છે. આ પણ પરબ્રહ્મની જ ઈચ્છાથી તેમની જ સેવા કરવાનો એક પ્રકાર છે.

૨. **ઉત્પત્તિસર્ગથી સ્પષ્ટ થતા ચાર મુદ્દાઓ (૫૨ થી ૫૩) (૧)** પરબ્રહ્મ-પરમાત્મા જ જગતનું નિમિત્ત કારણ છે, કારણ કે તેમના સંકલ્પ, પ્રેરણા અને પ્રવેશથી જ ઉત્પત્તિ શરૂ થાય છે. વળી, જગતનું ઉપાદાન કારણ પણ પરબ્રહ્મ-પરમાત્મા જ છે, કારણ કે પરમાત્માના શરીરના એક દેશમાં જીવેશ્વરોની લીનતા કરીને રહેલી માયા-પ્રકૃતિમાંથી જ અનંતકોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. અર્થાત્ વ્યક્ત થાય છે. **(૨)** ભગવાન સ્વામિનારાયણને અભિપ્રેત કાર્યકારણ સિદ્ધાંત એટલે 'પરબ્રહ્મ પ્રશાસિત પ્રકૃતિ-પરિણામવાદ.' કારણ કે પરબ્રહ્મના સંકલ્પમાત્રથી જ પ્રકૃતિને પુરુષનો સંયોગ અને વિયોગ અનુક્રમે સૃષ્ટિ તથા પ્રલય અર્થે થાય છે. આને સત્કાર્યવાદ પણ કહી શકાય. માયા (પ્રકૃતિ) સત્ છે. માયાનું કાર્ય જગત પણ સત્ છે. (પરંતુ પરિવર્તનશીલ અને નાશવંત છે.) સત્ એવા પરબ્રહ્મની સંકલ્પશક્તિનું પુરુષદ્વારાએ માયા-પ્રકૃતિનું પરિણામ છે. પરબ્રહ્મ ચિદ્ (ચેતન) અને અચિદ્ (જડ)માં વ્યાપીને રહ્યા છે. આમ, પરમેશ્વર સર્વકારણના કારણ છે. **(૩)** સર્જન પ્રક્રિયા કોઈ પણ પ્રકારના દબાણ, ફરજ કે કેવળ લીલા(રમત)ને ખાતર પરબ્રહ્મ શરૂ કરતા નથી. પરંતુ અતિશય કરુણાયુક્ત, કૃપાપ્રસાદથી પ્રેરાઈને જીવોના કલ્યાણ કરવાના ઉચ્ચ હેતુથી જ પરબ્રહ્મ જગતને સર્જે છે. અનાદિકાળથી ભટકતા બદ્ધ જીવોને માયાકૃત ઉપાધિમાંથી મુક્ત થઈ, બ્રહ્મરૂપ થઈ, અવિદ્યા-જન્મમરણથી નિવૃત્તિ પામી પૂર્ણત્વ, પરમાનંદ અને પરમેશ્વરના ધામમાં નિત્ય નિવાસ કરવાની તક મળે, એવા શુભ હેતુથી પરમેશ્વર જગતની સૃષ્ટિ કરે છે. તે જ પ્રમાણે જ્યારે નાનાપ્રકારની સંસૃતિથી જીવો થાકે છે ત્યારે તેમની વિશ્રાંતિને અર્થે પ્રલય કરે છે. (કા. ૧ને આધારે) મહાસૃષ્ટિ અને મહાપ્રલય (આત્યંતિક પ્રલય) કેવળ પરબ્રહ્મ-પરમાત્માની ઈચ્છા સંકલ્પ પર અવલંબે છે, અને નહીં કે કોઈ નિશ્ચિત કાળ-ગણના પર. **(૪)** પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ - આ બંને ઉત્પત્તિ અર્થે સીધા જ પ્રકૃતિ સાથે જોડાયેલા નથી. (પ્રકૃતિ સાથે મૂળપુરુષ અર્થાત્ અક્ષરાત્મક પુરુષ જોડાય છે.) વળી, ઉત્પત્તિ અર્થે પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ ચ્યવીને (પરિવર્તન પામીને અંશોમાં

વિભાજિત થઈને) જીવો તથા ઈશ્વરો રૂપે થતાં નથી. (ગ.પ્ર. ૪૧ અને ગ.મ. ૩ને આધારે) તેમજ એક જ જીવ અનેકરૂપે થતો નથી. (ગ.પ્ર. ૧૩)

૩. **માયા-પ્રકૃતિ-જગત (૪૬-૪૮) :- (૧)** માયા શબ્દે કરીને ત્રિગુણાત્મિકા પ્રકૃતિનો નિર્દેશ કર્યો છે. માયાને અવિદ્યા, તમસ, પ્રકૃતિ, અવ્યક્ત વગેરે તરીકે પણ ઓળખાવી છે. સત્ત્વ, રજસ અને તમસ આ ત્રણ ગુણ યુક્ત હોઈ તેને ત્રિગુણાત્મિકા કહી છે. માયા અંધકારરૂપ છે, જડચિદાત્મક છે, નિત્ય છે, નિર્વિશેષ છે. દેહ તથા દેહના સંબંધીને વિષે અહંમમત્વની કરાવનારી છે. માયા પણ પરબ્રહ્મને આધીન પરબ્રહ્મ દ્વારા નિયામ્ય છે, પરતંત્ર છે અને પરબ્રહ્મની શક્તિ છે. (અહીં 'માયા' શબ્દે કરીને મહામાયા-મૂળમાયા-મૂળપ્રકૃતિ ને પરબ્રહ્મની શક્તિ તરીકે નિરૂપી છે) માયા પરબ્રહ્મની કાર્યોપયોગી પરંતુ પરબ્રહ્મ પર સદા અવલંબિત શક્તિ છે, છતાં પરબ્રહ્મ, માયાથી સદા નિર્લેપ, અસંગી છે. માયા અચેતન (અચિદ્) છે, વિભુ છે અને મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોએ યુક્ત છે. **(૨)** માયાને વિસ્મયકારક કહી છે. માયાની કરામતને ઓળખવી દુષ્કર છે. તેના પાશમાંથી મુક્ત થવું અતિ કઠિન છે. બ્રહ્મસ્વરૂપ સંત અને એ દ્વારા પ્રાપ્ત થતા સત્યજ્ઞાન વગર માયાને ઓળખવી અને તરવી અશક્યવત્ છે. માયાને લીધે આત્મસ્વરૂપનું અને પરમાત્માના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થઈ શકતું નથી. ભગવાન વિના અન્ય પદાર્થમાં હેત તથા ભગવદ્ધ્યાનમાં આડખીલીરૂપ સર્વ પદાર્થને માયા કહી છે તેથી જ ભગવાન વિના બીજે હેત રહે તેમ જ દેહને વિષે અહંબુદ્ધિ, દેહ સંબંધી પદાર્થને વિષે મમત્વ-બુદ્ધિને તથા પંચવિષયને વિષે હેત રહે, તેને માયા કહી છે. પ્રમાદ ને મોહ માયાનું જ કાર્ય છે. **(૩)** ચેતન જીવેશ્વરોને જડસંજ્ઞા પમાડવાની શક્તિ માયા ધરાવે છે. માયા નિર્વિશેષ છે. અનાદિ છે. મહત્તત્ત્વાદિક ચોવીસ તત્ત્વોની જનેતા છે. જીવેશ્વરોના બંધનનું કારણ છે. જીવેશ્વરોનું ક્ષેત્ર છે. પરબ્રહ્મ પરમાત્માના એક દેશને વિષે તેમની શક્તિરૂપે રહેલી હોવા છતાં, પરમાત્માની બક્ષેલી સત્તાએ કરીને જગત, ઈશ્વરો અને જીવોને વિષે વ્યાપક છે; પરંતુ માયાની સત્તા પરમેશ્વર, પરમેશ્વરના અવતાર, અક્ષરબ્રહ્મ, બ્રહ્મસ્વરૂપ સંત અને અક્ષરમુક્તો પર ચાલતી નથી. એ સર્વમાં માયાનો લેશ નથી. એ સર્વે દિવ્ય, નિર્દોષ અને નિર્લેપ છે. ઊલટાનું જેના પર ભગવાન ને બ્રહ્મસ્વરૂપ સંતની કૃપા-પ્રસાદ છે, તેવા મોક્ષને માર્ગે ચાલનારા ભક્તજનોને તથા મુમુક્ષુઓને પણ માયા સાનુકૂળ થઈ રહે છે. **(૪)** ગાઢ અવિદ્યામય-અંધકાર જેવા પ્રલયકાળે માયા-પ્રકૃતિમાં અસંખ્યાત ચેતન જીવો અને ઈશ્વરો જડતુલ્ય થઈને લીન (બીજરૂપે) રહે છે, તેથી માયાને જડચિદાત્મક કહી છે, તમસ્ કહી છે. માયા જ જીવેશ્વરો માટે અવિદ્યા-કર્મ, અજ્ઞાન અને બંધનનું કારણ છે. (સત્સંગિજીવન ૧૨/૬) **(૫)** માયા (મહામાયા) ઉત્પત્તિરહિત છે, નિત્ય છે, જ્યારે માયાનું કાર્ય જે મહદાદિક ચોવીસ તત્ત્વો અનિત્ય છે, નાશવંત છે. તેથી જગત સત્ય છે, પરંતુ નિત્ય નથી. જગત, ભ્રમ, ભ્રાંતિ કે કાલ્પનિક નથી; પરંતુ નાશવંત છે અને દુઃખકારક છે તથા બંધનકારક છે. આમ, સ્વામિનારાયણીય વેદાંત યથાર્થવાદી (વાસ્તવવાદી) છે.

૪. **સાંપ્રદાયિક માન્યતા - પરંપરા (૮૭ થી ૮૯) (૧)** આ સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી (ભગવાન સ્વામિનારાયણ)ને પરમ ઇષ્ટદેવ તરીકે - સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ (પરબ્રહ્મ) તરીકે અને તેમના પરમહંસ શિષ્યોમાંથી પ્રમુખ શિષ્ય પરમ આદર્શ ઉત્તમ ભક્તરાજ ગુણાતીતાનંદ સ્વામીને અનાદિ અક્ષરબ્રહ્મના મૂર્તિમંત સ્વરૂપ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. તેથી આ સંપ્રદાયમાં પણ અન્ય વૈષ્ણવ સંપ્રદાયોની માફક ભક્તે સહિત ભગવાનની ભક્તિ ઉપદેશી છે. તે જ કારણથી આ સંપ્રદાય 'સ્વામિનારાયણ સંપ્રદાય', 'અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય', તથા તેનું તત્ત્વજ્ઞાન 'નવ્ય-વિશિષ્ટાદ્વૈત' તથા 'બ્રહ્મ-પરબ્રહ્મવાદ' તરીકે પણ ઓળખાય છે. **(૨)** હા, એ ખરું છે કે, આ સંપ્રદાયની ઉપાસના બ્રહ્મરૂપ થઈને સદા-સાકાર પરબ્રહ્મની સેવાભક્તિ કરવાનું ઉપદેશે છે, કારણ કે જે મુમુક્ષુ ગુરુને સંગે આદર્શ ભક્ત અક્ષરબ્રહ્મ તુલ્ય થાય છે તે જ મોક્ષ પામી, પરમધામમાં પરબ્રહ્મ-પુરુષોત્તમની નિત્યસેવામાં સ્થાન પામે છે. આમ 'અક્ષરધામમાં એક પુરુષોત્તમનાં બે ચરણારવિંદની જ ઉપાસના છે. (વેદરસ-૧૫૦) **(૩)** પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પરથી અંતર્ધાન થયા પછી તેમણે તેમનું પ્રગટપણું તેમના શિષ્ય અક્ષરબ્રહ્મનો અવતાર ગુણાતીતાનંદજીમાં નિવાસ કરીને જારી રાખ્યું. ત્યારબાદ ઉત્તરોત્તર પરમ એકાંતિક બ્રહ્મસ્વરૂપ સંત (સદ્ગુરુ) દ્વારા તેમનામાં અખંડ નિવાસ કરીને મુમુક્ષુઓના મોક્ષ કરવારૂપ પોતાનું કલ્યાણકારી કાર્ય ભગવાને જારી રાખ્યું છે. (ગ.પ્ર. ૫૪, પં.૭) **(૪)** અને ''જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો

પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત કરવાના કહ્યા છે એટલા સર્વે અર્થ પ્રાપ્ત થાય છે અને આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે માટે જેને પરમપદ કહીએ મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'' (ગ.અં. ૨) **(૫)** માટે એવા પરમ એકાંતિક બ્રહ્મસ્વરૂપ સંતનું શરણું લઈને, તેમને ગુરુ કરીને તેમની સેવા-સમાગમ દ્વારા મુમુક્ષુજન બ્રહ્મરૂપ થઈ, પરબ્રહ્મની ભક્તિનો અધિકારી બની શકે છે અને છતી દેહે મોક્ષને પામી શકે છે. વર્તમાનકાળે આ સંપ્રદાયની ગુરુપરંપરામાં પરબ્રહ્મના અખંડ ધારક, પરમ એકાંતિક, પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી શ્રી નારાયણસ્વરૂપદાસજી વિદ્યમાન છે. તેમના દ્વારા હાલમાં આ સંપ્રદાયનો વિકાસ, ઉત્કર્ષ તથા મુમુક્ષુઓની આધ્યાત્મિક ઉન્નતિનું તથા જીવોને બ્રહ્મરૂપ કરી તેમની આત્યંતિકી મુક્તિ કરવાનું કાર્ય ચાલુ છે.

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ લખેલા હોવા જોઈએ.**

૧. **એકાંતિકધર્મના ધારક સત્પુરુષ કેવા હોય ? (૬થી૯)** **(૧)** 'વાસુદેવ મહાત્મ્યને વિષે એકાંતિક ભક્તના ધર્મ કહ્યા છે, જે એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે અને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ.' (ગ.મ. ૨૨) **(૨)** તથા વાસુદેવ ભગવાનનો એકાંતિક ભક્ત કોને કહીએ તો જેને સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે યુક્ત એવી વાસુદેવ ભગવાનની અનન્ય ભક્તિ એટલાં વાનાં હોય તેને એકાંતિક ભક્ત કહીએ. (ગ.અં.૩૩, ગ.મ.૩૮) **(૩)** એવા એકાંતિક ભક્તને નિર્વાસનિકપણું વર્તે છે. પંચવિષયને વિષે સમબુદ્ધિ વર્તે છે. નિંદા કે સ્તુતિ સરખાં લાગે છે. સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે છે. સારું રૂપ તથા ભૂંડું રૂપ તથા બાળ, યુવાન ને વૃદ્ધ જે સ્ત્રીઓ તથા કચરો અને કંચન એ સર્વે સરખું ભાસે છે. તેમજ સારાં અને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખાં ભાસે છે. તે એવી રીતે સ્વભાવિકપણે વર્તતું હોય છે. (ગ.પ્ર. ૬૦) **(૪)** તેને ભગવાન વિના બીજી કોઈ વાસના હોતી નથી તે તો પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરતો હોય છે. (ગ.પ્ર.૧૧) **(૫)** અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ''જે એકાંતિક હોય તે તો નિષ્કામ હોય, ને તે એક ભગવાનનું જ નિરૂપણ કર્યા કરે. ભગવાનના એકાંતિક ભક્તનું મન ભગવાનને મૂકીને ક્યાંય લોભાતું નથી. (ગ.મ.૨૨) **(૬)** એવો એકાંતિક ભક્ત તો ભગવાનની સેવા-ભક્તિ વિના ચતુર્ધા મુક્તિને પણ ઇચ્છતો નથી. (ગ.અં. ૩૩) **(૭)** તેને ભગવત્ સ્વરૂપની નિષ્ઠા અતિ દૃઢ અને પાકી હોય છે અને તેને સર્વથી ભગવત્‌સ્વરૂપનું બળ અધિક વર્તતું હોય છે. તેથી તે જ પાકો સત્સંગી છે. (ગ.મ. ૯) **(૮)** ભગવાન સ્વામિનારાયણે ગુરુ કરવા યોગ્ય અને મન-કર્મ-વચને જોડાઈને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરવા યોગ્ય પરમ એકાંતિક સંત કેવા હોય તેની સ્પષ્ટતા કરી છે. તેટલું જ નહિ, પરંતુ પરમ એકાંતિક સંત અને એકાંતિક ભક્ત વચ્ચેનો ભેદ બતાવતાં તેઓ કહે છે : 'મોટા પુરુષ પણ ચાર પ્રકારના છે. એક તો દીવા જેવા, ને બીજા મશાલ જેવા, ને ત્રીજા વીજળી જેવા ને ચોથા વડવાનળ અગ્નિ જેવા. તેમાં દીવા જેવા હોય તે તો વિષયરૂપી વાયુએ કરીને ઓલાઈ જાય, ને મશાલ જેવા હોય તે પણ તેથી અધિક વિષયરૂપી વાયુ લાગે તો તેણે કરીને ઓલાઈ જાય ને વીજળી જેવા જે હોય તે તો માયારૂપી વરસાદને પાણીએ કરીને પણ ન ઓલાય અને વડવાનળ અગ્નિ જેવા હોય, તે તો વડવાનળ જેમ સમુદ્રમાં રહે છે, પણ સમુદ્રના જળનો ઓલવ્યો ઓલાતો નથી અને સમુદ્રના ખારા જળને પીને મૂળ દ્વારે કાઢી નાખે છે. તે પાણી મીઠું થાય છે, તેને મેઘ લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે તેણે કરીને નાના પ્રકારના રસ થાય છે. તેમ એવા જે મોટા પુરુષ છે તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે, તો તે જીવના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે. તે વીજળીના અગ્નિ જેવા તો સાધનદશાવાળા ભગવાનના એકાંતિક સાધુ છે અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધ દશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે. (વર. ૩) **(૯)** આવા પરમ એકાંતિક સંતને જ પરમ ભાગવત સંત કહ્યા છે અને એને જ મોક્ષનું દ્વાર કહ્યું છે, એ દ્વારા જ ભગવાન પુરુષોત્તમ પૃથ્વી પર પંચાળાના ૭ પ્રમાણે પ્રગટ રહે છે, એને જ પ્રગટ ગુરુરૂપહરિ કહ્યા છે, એનામાં જ સર્વે નિષ્ઠા સરખી સંપૂર્ણ છે. તે દર્શાવતાં શ્રીહરિ કહે છે, 'પરમેશ્વરના ભક્ત હોય

તેમાં કોઈને ધર્મનિષ્ઠા પ્રધાન હોય, ને કોઈને આત્મનિષ્ઠા પ્રધાન હોય, ને કોઈને વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય, ને કોઈને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય અને ગૌણપણે તો એ સર્વે અંગ સર્વ હરિભક્તમાં હોય છે પણ જ્યાં સુધી એક એક નિષ્ઠાને વિષે વર્તતા હોય ત્યાં સુધી તો એ ચારે સરખા છે અને જ્યારે ચાર નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તેને પરમ ભાગવત કહીએ અને એને જ (પરમ) એકાંતિક ભક્ત કહીએ.' (ગ.પ્ર. ૪૭) **(૧૦)** આવા પરમ એકાંતિક સંત તો મહાકારણ દેહથી પણ પર છે અને તુર્યાતીત અવસ્થામાં પરબ્રહ્મની સેવા-ભક્તિમાં લીન રહેનારા છે. શિક્ષાપત્રીનો ૧૧૬માં શ્લોક તેમનામાં મૂર્તિમાન સાકાર થયેલો દેખાય છે અને લોયા ૭માં કહ્યું જે મોક્ષમૂલક જ્ઞાન તેનું એ મૂર્તિમાન સ્વરૂપ છે. માટે તેમને સંગે જ અવિદ્યારૂપ કારણ શરીરનો નાશ કરી, પરબ્રહ્મને ઓળખાવનારું તથા તેમાં જોડાનારું સત્યજ્ઞાન, કહેતાં પરાવિદ્યા પ્રાપ્ત થાય છે. તેથી જ ગ.પ્ર. ૭૩ પ્રમાણે તેમને નિર્દોષ સમજવાથી નિર્દોષ થવાય છે અને ગ.મ.૩૧ પ્રમાણે તેમનો મનન દ્વારા સંગ કરવાથી બ્રહ્મરૂપ થવાય છે. (કારિ.-૧ પ્રમાણે કીટ ભ્રમર ન્યાયે) અને પરમપદ જે મોક્ષ તેને છતી દેહે પમાય છે.

**('ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૧૪)**

**નોંધ :-(૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**

**૧. ઘરમંદિર એટલે શું ? તે અંગે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વિચારો. (૫૩, ૫૪-૫૫)**

**જ. ઘરમંદિર એટલે શું ?** મારું ઘર, અમારું ઘર.... પ્રત્યેક વ્યક્તિને પોતાના ઘર સાથે અતૂટ મમતા હોય છે. પોતાના ઘરે કોઈ સંબંધી આવે, કોઈ પ્રતિષ્ઠિત મહાન વ્યક્તિ આવે તો માણસ ઓછોઓછો થઈ જાય. ઘરે ભગવાન પધારે તો ? આપણા ઘરે, આપણી સાથે ભગવાન હંમેશા રહેવા માટે કબૂલ થાય તો ? તો તો આનંદની સીમા ન રહે. આપણે જાણીએ છીએ કે ભગવાનનો જ્યાં આવાસ એ જ મંદિર. ઘરમાં પ્રભુનો આવાસ એ જ ઘરમંદિર.

**તે અંગે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વિચારો :** ઘરમંદિર સામે બેસીને સવારના આત્મવિચાર કરવાનો છે. મંદિર મન સ્થિર કરવાનું સાધન છે. ભગવાનની પૂજા થાય, આરતી-થાળ થાય પછી જ બધું કાર્ય થાય. જમવાનું રાંધ્યું હોય તે થાળ કરીને ભગવાનને અર્પણ કરવું. ઘરમંદિરનો આગ્રહ એટલા માટે છે કે આપણે જેમ ઘર જોઈએ છીએ, તેમ ભગવાનને પણ ઘરમાં પોતાનું એક ઘર જોઈએ ને ! ભગવાન હંમેશા બેઠા હોય તો એમની દૃષ્ટિ આપણા પર રહે. પહેલાં ઘરમંદિરો થશે પછી હૃદયમંદિરો થતાં વાર નહીં લાગે. રોજ સાયંકાળે ભગવાનના મંદિરે જવાની આજ્ઞા છે. દૂર હોઈએ ને રોજ જઈ ન શકાય તો આ ઘરમંદિરમાં વ્યવસ્થિત આરતી, થાળ, ઘરસભા કરીએ તો એટલું જ ફળ મળે. માટે નિત્ય ઘરસભા કરીએ. ઘરમંદિરથી દરરોજ ભગવાનનો સંબંધ રહે. ઘરમંદિર હોય તો પણ પોતાની વ્યક્તિગત પૂજા હોવી જોઈએ. જ્યાં જઈએ ત્યાં સાથે રાખીએ. શેવ(દાઢી)નો સામાન સાથે લઈને બહારગામ જઈએ છીએ, તેમ પૂજા પણ સાથે જ હોય. મહેમાન થઈએ પણ પૂજા ન ભૂલીએ. થોડું જ કરો પણ રોજ-નિયમિત કરો. જે ઘરમંદિર કરશે તેના ઘરમાં, હૃદયમાં, કુટુંબમાં, આત્મામાં ભગવાન બિરાજશે.

**૨. તપની માળા અને તેનો હેતુ શું છે ? માળા તથા કંઠીનું સ્થાન ગળામાં શા માટે ? (૨૯-૩૧)**

**જ. તપની માળા અને તેનો હેતુ શું છે ?** તપ એટલે પુરુષાર્થ, શરીર અને ઇંદ્રિયોનું દમન. કોઈ પણ ક્ષેત્રમાં કાર્યની સિદ્ધિ માટે તપ એ અગત્યનું પાસું છે. દેહનું લાલન-પાલન કરવામાં જ રચ્યો-પચ્યો રહેનારો સિદ્ધિના શિખરે પહોંચી ન શકે. અવકાશયાત્રીઓને કે હિમાલયનાં શિખરો સર કરવા નીકળનારાઓની પણ કેવી કેવી કષ્ટદાયક તાલીમોમાંથી પસાર થવું પડે છે ! અમુક પ્રકારનો જ ખોરાક લેવાય, પાણી પણ અમુક પ્રમાણમાં જ પીવાય, અમુક માઈલ દોડવાનું જ, વજન ઊંચકવાનું, કસરતો કરવાની, અમુક દિવસો ભૂખ્યા-તરસ્યા પણ રહેવાનું વગેરે. આમ, દરેક ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા ભોગનો સંયમ અથવા શરીરનું દમન જરૂરી ગણાયું છે. ભલે દુ:ખોના ડુંગરો તૂટી પડે પણ મારે આ સિદ્ધિ મેળવવી જ છે, એવી ભાવના સાથે મનને અને શરીરને ગમે તેવા વિકટ સંજોગો માટે તૈયાર કરવાનાં, એનું જ નામ તપ. આ આધુનિક પ્રકારનું તપ છે. ભક્ત પણ 'ગમે તે સંજોગોમાં મારે પરમાત્માની પ્રાપ્તિ કરવી જ છે' એવા વિચાર સાથે મનનો સંયમ તથા શરીરનું દમન કરે છે. સામાન્યત: આપણે મંત્રજાપ કરવી વખતે પદ્માસનમાં કે સિદ્ધાસનમાં અથવા તો પલાંઠી વાળીને બેસીએ છીએ. મંત્રજાપ એટલે પ્રભુને પામવાના

આપણા ધ્યેયની કામનાને દૃઢાવવી. આ કામનાની ઉત્કટતા સાથે એક પગે ઊભા રહી, બે હાથ ઊંચા કરી મંત્રજાપ કરતાં ધ્રુવજીને દર્શન આપવા વિષ્ણુ સાક્ષાત્ દોડી આવ્યા. ધ્રુવજીની આ અડગ મુદ્રામાં ફેરવવામાં આવતી માળાને 'તપની માળા' કહેવામાં આવે છે. જાણે ગમે તેટલું કષ્ટ પડે પણ મારે આ ધ્યેય સિદ્ધ કરવું જ છે એવી માનસિક તેમ જ શારીરિક તૈયારીથી ભક્ત કૃતનિશ્ચયી બને છે. ભગવાન સ્વામિનારાયણે વનવિચરણ દરમ્યાન નીલકંઠવર્ણી વેશે પુલહાશ્રમમાં આવી જ શારીરિક મુદ્રામાં કઠિન તપ આદર્યું હતું. ભક્તો તપની માળા વખતે આ જ તપોમુદ્રામાં મંત્રજાપ કરતાં નીલકંઠવર્ણીની સ્મૃતિ કરે છે. આમ, ભગવાનને પ્રસન્ન કરવા માટે કષ્ટો સહન કરવાની ભાવનાને દૃઢાવવા અને ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે કરેલી કઠિન તપશ્ચર્યાની સ્મૃતિ કરવા તપની માળા કરવામાં આવે છે.

**માળા તથા કંઠીનું સ્થાન ગળામાં શા માટે ?** જપ માટે ઉપયોગમાં આવતી માળાની પવિત્રતા જળવાય એ માટે ખાસ કરીને તેને ગૌમુખીમાં જ રાખવાનું સૂચન થયેલ છે. ગૌમુખી ન હોય ત્યારે આવા જ હેતુથી માળાને ગળામાં ધારણ કરવામાં આવે છે. સાથે સાથે શારીરિક લાભો પણ થાય છે. તુલસી આદિ ઔષધીય વનસ્પતિની માળા પહેરવાથી ગલકંઠ, કંઠમાળ જેવા રોગોથી બચી શકાય છે. હૃદયરોગમાં રૂદ્રાક્ષની માળા સહાયભૂત બને છે.

**(વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, નવી આવૃત્તિના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪ ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર / પાના નંબર દર્શાવે છે. (૨) જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**૧. વિપરીત પરિસ્થિતિઓમાં શ્રીજીમહારાજના પરમહંસો-ભક્તોની નિષ્ઠાની દૃઢતા**

૧. હિમરાજ શાહે સગાંવહાલાં, મોઢ જ્ઞાતિ, વૈષ્ણવ આચાર્ય ગોસાંઈજી બધાના પ્રયત્ન છતાં પોતે સ્વીકારેલ સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય ન છોડ્યો. ૪/૭૩-૭૪
૨. નથુ ભટ્ટે ધોલ મારી છતાં દામોદરભાઈએ મહારાજની સર્વોપરી નિષ્ઠા છોડી નહિ. ૪/૧૦૨-૧૦૩
૩. 'મારા જીવમાંથી આપના સ્વરૂપનો નિશ્ચય કાઢી નાખો.' - બાવાઓનો માર ખાઈને આવેલા હીરાદાસ સ્વામી. ૪/૧૬૦
૪. નૈનપુરના દેવજી ભગતે પુત્ર મરણના શોકનો ત્યાગ કરી પત્નીને ઘીના ઘાડવા સાથે ગઢપુર મોકલ્યા. ૪/૧૭૮-૧૮૨
૫. જીવાખાચર તરફથી અનેક મુશ્કેલીઓ આવી. - ગરાસ જતો રહે તેવી પરિસ્થિતી થઈ તો પણ દાદાખાચર ડગ્યા નહિ. ૪/૧૯૪-૧૯૭
૬. દીવબંદરના પ્રેમી હરિભક્ત પ્રેમીબાઈ - વસ્ત્રો - આભૂષણો અર્પણ ૪/૨૩૪-૨૩૫
૭. ઘરમાં કોઈ ચાકરી કરતું નહિ અને કોઈને ચાકરી કરવા દેતું નહિ છતાં કમળશીભાઈએ કંઠી કાઢી નહિ. ૪/૩૭૮-૩૭૯
૮. 'અમે આવો લહાવો લીધો નથી.'- મહારાજે વરઘોડે ચઢવાની રઢ લીધી તો પણ મયારામ ભટ્ટ, પર્વતભાઈ કે અદીબાની નિષ્ઠા ડગી નહિ. ૪/૩૮૪-૩૮૫
૯. આજથી તારી સાથે મા-બેનનો સંબંધ - વિપરીત પરિસ્થિતિ ઊભી થઈ તો પત્નીનો ત્યાગ - પણ મહારાજ પ્રત્યે નિષ્ઠા પાકી. ૪/૩૯૪-૩૯૫
૧૦. અમને ઝટ સંતાડી દો - જીવાખાચર પાસે મનુષ્યચરિત્ર કર્યું. છતાં નિર્દોષબુદ્ધિ રાખી. ૪/૩૯૬
૧૧. 'જેવા આવ્યા છો તેવા ને તેવા જ પાછા જાવ.' - સારંગપુરમાં દર્શને આવેલા મુક્તાનંદ સ્વામીને મહારાજે પાછા જવાનું કહ્યું છતાં તેમની નિષ્ઠા ડગી નહિ ને 'બાળ સ્નેહી રે .... કીર્તનની રચના કરી. ૪/૩૯૬-૩૯૭
૧૨. આ કંઠી અને સત્સંગ શિર સાટે છે. - હિમરાજ શાહના પુત્રોની ટેક. ૪/૪૩૦

૧૩. સંપ્રદાયની પુષ્ટિ સાહિત્યથી થાય - બ્રહ્માનંદ સ્વામીની સરળતા - બ્રહ્માનંદ સ્વામીને વરતાલ મંદિરની પ્રતિષ્ઠા બાદ બંધનમાં બંધાવા ન દીધા. ૫/૧૯
૧૪. નિત્યાનંદ સ્વામીની સર્વોપરી સ્વરૂપ નિષ્ઠાની કસોટી કરી અને નિત્યાનંદ સ્વામી થાળની પ્રસાદી આપી. ૫/૨૮૨-૨૮૪
૧૫. બ્રહ્માનંદ સ્વામીને મહારાજ જૂનાગઢ મોકલે છે. મહારાજની અંતિમ માંદગીની જાણ છતાં પણ આજ્ઞા પાળીને જૂનાગઢ જાય છે. ૫/૪૧૨

**૨. શ્રીજીમહારાજનો વિદેશીઓ પર પ્રભાવ**

૧. એરન સાહેબના બંગલે શ્રીહરિની પધરામણી - નીતિ અને ધર્મ રાખે તેનો વિજય થાય. ૪/૯૮-૯૯
૨. મિ. એરન સાહેબ માટે મહારાજના ઉદ્ગારો. દૈવી સંપત્તિના પુરુષો છે એટલે ધર્મને પોષણ મળે છે. ૪/૧૬૮
૩. અમદાવાદમાં મંદિર માટે વિશેષ જગ્યા જોઈતી હોય તો આપવાની મિ.એરનની તૈયારી - તેમના પછી આવનાર મિ. ડનલોપને પણ મહારાજના કાર્યમાં સહકાર આપવાની ભલામણ ૪/૧૭૨
૪. અમદાવાદ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાના ઉત્સવમાં મિ. ડનલોપે ઉતારા માટે તંબુઓ અને રાવટીઓ મોકલ્યા. ૪/૩૨૧
૫. ભરૂચની સહકારી કચેરીના અમલદારોને મહારાજ અને તેમના કાર્ય પ્રત્યે અનુરાગ હોવાથી 'રેવા' (નર્મદા) ઉતરવા ચાર વહાણોનો પરવાનો તરત જ આપ્યો. ૫/૨૫
૬. સુરતમાં એરન સાહેબને બંગલે મહારાજની પધરામણી - એન્ડરસનને બંગે પધરામણી. ૫/૪૩-૪૪
૭. અંગ્રેજ અમલદાર મિ. હોલ્ફર્ડ મહારાજને શરણે - મહારાજના આશીર્વાદથી નિર્દોષ ઠરાવાયા - મુંબઈ ઈલાકાના ગર્વનર બન્યા. ૫/૪૬
૮. બિશપ હેબર સાથે મુલાકાત. ૫/૯૫
૯. મુંબઈ ઈલાકાના મદદનીશ રાજ્યપાલ (ગવર્નર) મિ. હોલ્ફર્ડે મહારાજને અર્પણ કરેલી અકીકના પથ્થરની માળા. ૫/૧૫૧
૯. લંગડા મીરને પાઘ બંધાવે છે. ૫/૨૫૧
૧૦. આ લક્ષ્મણજી જ અમને કડાં આપે છે. ૫/૨૬૧
૧૧. મુંબઈના ગવર્નર સર જ્હોન માલ્કમ સાહેબે રાજકોટમાં મહારાજ સાથે મુલાકાત માટે કરેલો પત્રવ્યવહાર. ૫/૩૬૮
૧૨. આપને એકાંતમાં જ મળવું છે. - માલ્કમ સાહેબ - શ્રીજીમહારાજને ૫/૩૮૫
૧૩. આપે જે શિક્ષાપત્રી આપી તે હજાર ઘોડાની ભેટ બરાબર છે. - શ્રીજીમહારાજને. ૫/૩૮૬
૧૪. આ મૂર્તિને જે પૂજશે તેનો જન્મ-મરણનો રોગ ટળી જશે. ૫/૪૦૩
૧૫. ખેંગારજી ભક્તની રૂા. ૧૫૦૦ની ગઢપુર મંદિર માટે સેવા. ૫/૪૨૮-૪૨૯

**૩. શ્રીજીમહારાજના મંદિરનિર્માણરૂપી કાર્યની વિશેષતાઓ**

**(૧) અક્ષરપુરુષોત્તમ - ભક્તે સહિત ભગવાનની ઉપાસના - પોતાનું સર્વોપરીપણાનું સ્થાપન - સ્વસ્વરૂપની ઓળખ**

૧. પૂર્વ ભૂમિકા : પંચાળામાં મહારાજ ત્રણ સંકલ્પો કરે છે. તેમાં મંદિર નિર્માણનો પણ સંકલ્પ. ૪/૨૮૬
૨. અમદાવાદમાં - પરમાત્માને પરોક્ષ નહીં પણ પ્રત્યક્ષ સમજે છે, એટલે સૌમાં સુહૃદભાવ છે. - મહારાજ યજ્ઞશાળામાં પધારે છે - આ નરની મૂર્તિ અક્ષરનો અંશ છે, નારાયણની મૂર્તિ પુરુષોત્તમનો અંશ છે. - કાશીદાસ મોટાને મર્મ સમજાવે છે. અનંત નરનારાયણ, કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ અને વાસુદેવનારાયણની ઉપાસના કરે છે. - મહારાજે આનંદ સ્વામીને પોતાનું સ્વરૂપ સમજાવ્યું. ૪/૩૨૧-૩૨૪
૩. ભૂજ મંદિરમાં મહારાજે કરેલી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા. ૪/૪૦૫
૪. વરતાલ મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા - 'કલ્યાણ તો અમારી મૂર્તિના સંબંધથી જ થશે.' ૫/૧૧ થી ૧૫
૫. અક્ષરાત્મક નરોત્તમ નારાયણ એટલે શ્રીજીમહારાજ અક્ષરના આત્મા છે અને સર્વે નરોમાં ઉત્તમ એવા નારાયણ પુરુષોત્તમ છે. મહારાજે શ્વેતદ્વીપમાં તપ કરતી વાસુદેવની મૂર્તિ તૈયાર કરાવડાવી અને તેની નીચે અક્ષરાત્મક નરોત્તમ નારાયણ એવું મીઠારામને લખવાનું કહ્યું. આ મૂર્તિ સુરતના સ્વામિનારાયણ મંદિરના સભામંડપમાં છે. ૫/૪૭
૬. ધોલેરામાં મહારાજે શ્રીકૃષ્ણની મૂર્તિનું નામ મદનમોહન રાખ્યું - પ્રતિષ્ઠાની આરતી ઉતારી - શ્રીહરિની મૂર્તિમાંથી નીકળતો શીતળ, શાંત પ્રકાશ મદનમોહનની મૂર્તિમાં પ્રવેશ્યો - મહારાજે કહ્યું આ મદનમોહનની મૂર્તિ બહુ જ ચમત્કારી છે અને જે ભક્ત ભક્તિભાવથી તેનું પૂજન કરશે તેના સર્વે મનોરથો પૂરા થશે. ૫/૧૮૫ થી ૧૮૬

૭. જૂનાગઢમાં શ્રી રણછોડ ત્રિકમરાય, સિદ્ધેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા. ૫/૨૫૨ થી ૨૫૪

૮. જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા સમયે શ્રીજીમહારાજે કહ્યું 'આ ગુણાતીતાનંદ સ્વામી મંદિરના મહંત - ફેરવણી કરવી નહિ પડે - અમારું જે દિવ્ય અક્ષરધામ - કૃષ્ણાર્પણ કરીએ છીએ. ૫/૨૫૨-૨૫૩

૯. ગઢપુરમાં ગોપીનાથ દેવ અને જબરેશ્વરની મૂર્તિ પ્રતિષ્ઠા. ૫/૨૭૨ થી ૨૭૬

**(૨) શ્રીજીમહારાજે સ્વયં કરેલી મંદિરોની સેવા તથા સેવાનો કહેલો મહિમા.**

૧૦. અમદાવાદ મંદિર નિર્માણમાં સેવા કરનાર કુબેરભાઈ તથા અંબારામને મહારાજે પાઘડી બંધાવી, દુપટ્ટાઓ આપ્યા અને સોનાની બે સેરની કંઠી બંનેને પહેરાવી આશીર્વાદ આપ્યા. ૪/૩૨૬

૧૧. 'અમેય ભીડામાં આવ્યા છીએ.' મહારાજે વરતાલ મંદિર નિર્માણ માટે રાજુબા પાસે કરેલી નાણાની માંગણી. ૪/૪૪૬-૪૪૭

૧૨. વરતાલ મંદિરનો પાયો ગળાતો હતો ત્યાં જાતે બેસતા અને મહારાજ કહેતા, 'આ તો સાક્ષાત પુરુષોત્તમ નારાયણની સેવા છે. તે સેવામાં આપણો શ્રમ કામ આવી જાય તે આપણી ભક્તિ.' ૪/૪૪૮

૧૩. વરતાલ મંદિરમાં પાયામાં પૂરવાની ઈંટો ઈંટવાડામાંથી પાયામાં નાખવા માટે મહારાજ જાતે માથે ઉપાડીને લાવ્યા. 'અમને પણ ભક્તિનો લ્હાવો મળે ! અમે આ સેવા કરીએ એટલે આ સેવારૂપી ભક્તિનો મહિમા વધે.' ૪/૪૪૯

૧૪. 'આ ગારો નથી ચંદન છે.' વરતાલ મંદિર નિર્માણમાં સેવા કરતા સંતોને મહારાજ મળતા. ૪/૪૪૯

૧૫. બ્રહ્માનંદ સ્વામીની મંદિર નિર્માણમાં ઉત્સાહિત થઈ સેવા કરવાની અને ઈષ્ટદેવનો મહિમા વધારવાની ભાવના જોઈ મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું, 'તમારા કાર્યમાં કોઈ વિઘ્ન નહિ આવે !' ૪/૪૫૨

૧૬. વરતાલ મંદિરનું અધૂરું કાર્ય ચાલતું હતું ત્યારે મહારાજ કડિયાને ચૂનાનું તગારું આપે છે, 'જ્યારે દેહથી ભગવાનની ભક્તિ થાય ત્યારે દેહ સાર્થક થયો કહેવાય !' મહારાજના ઉદ્‌ગાર. ૫/૨૦૩-૨૦૪

૧૭. મહારાજ ઈંટો માથે ઉપાડે છે. નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બંને તે ઈંટો માંગે છે. ગંગામાએ પણ મહારાજ પાસે તે સેવા માંગી. ૫/૨૦૪

૧૮. વરતાલમાં હરિભક્તોએ સંતો પાસે મજૂરી કરાવવાની ના પાડી. ત્યારે મહારાજે તેમને સમજાવ્યું, 'દેવ સેવા તે મજૂરી નથી, ભક્તિ છે. તે પ્રકારની ભક્તિ કરવાથી દેહભાવ ઘસાય છે.' ૫/૨૦૫

૧૯. ગઢપુર મંદિરના નિર્માણ સમયે પથ્થરના ગાડામાંથી સંતો પથ્થર ઉતારતા હતા. તે વખતે એક સંત માળા કરતા હતા. તેમને મહારાજે કહ્યું, 'મહાપુરુષ ! દેવની આવી સેવા મૂકીને લાકડાં શું તાણો છો ?' ૫/૨૫૮

૨૦. 'મંદિરના પાયામાં કોઈ એક શેરનો પાણો નાખશે તેને પણ અમે તેડવા આવીશું.' મહારાજના ઉદ્‌ગાર. ૫/૨૫૯

૨૧. ગઢપુર મંદિરના નિર્માણ વખતે જે ઘેલામાં ન્હાવા જાય તેણે પાયામાં પથ્થર નાખવા એક પથ્થર લેતા આવવાની મહારાજની આજ્ઞા. પોતે પણ લાવતા. - મંદિરના ચણતરમાં આવતા એકે એક પથ્થરને પ્રસાદીનો કરતા. ૫/૨૫૯-૨૬૦

૨૨. 'મંદિર નિર્માણ વખતે કોઈ ધનથી, તનથી, વસ્તુઓથી કે નાણાં આપીને જે સેવા કરે છે. તેમનું સૌનું અમારે કલ્યાણ કરવું છે.' મહારાજ - દાદાખાચરને. ૫/૨૬૩

૨૩. ઘેલા કાંઠે પથ્થર તોડતા સંતોને કુંડળના ભોજા ભક્તે મદદ કરી પથ્થર તોડી આપ્યો તો મહારાજે તેમની છાતીમાં ચરણારવિંદ આપ્યા. ૫/૨૬૪

૨૪. રીસાયેલા રત્ના કડિયાને શબ્દ પ્રસંશાથી મહારાજે કામ પર ચડાવ્યો. ૫/૨૬૫

૨૫. ગઢપુર મંદિર નિર્માણ વખતે પણ ચૂનાના તગારા કડિયાને આપતા. ૫/૨૬૬

૨૬. કોઠારમાં દોકડોય ન હતો. ઉમરેઠના હરિભક્તોની સેવા - 'હરિભક્તો તો સારા હોય પણ સાધુ થકી અમારી રૂચિ સમજાય.' ૫/૨૬૭

૨૭. રૂડાભાઈ મહારાજના કહેવાનો મર્મ ન સમજ્યા અને બળદ અને ગાડું ન આપ્યા. તેથી અંતરમાં સેવા ન થઈ તેની બળતરા થઈ. ૫/૨૬૮

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. રામદાસ સ્વામીનું ધામગમન અને શ્રીહરિના સ્વરૂપની ઓળખાણ.**

૧. રામદાસ સ્વામી ધામમાં જવાનો સંકલ્પ કરે છે - મારે મહારાજની પૂજા કરવી છે. ૪/૧૯૮-૧૯૯

૨. આ શ્રીહરિ સર્વોપરી છે તેમનાથી પર કોઈ નથી - રામદાસ સ્વામી ધામમાં જાય છે. ૪/૨૦૦-૨૦૧

**૨. જૂનાગઢ મંદિર પ્રતિષ્ઠા પ્રસંગે શ્રીહરિએ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રતિષ્ઠિત કરેલો મહિમા**

૧. આ સભામાં જૂનાગઢના મંદિરની મહંતાઈનો હાર જે લે તેને તમે પહેરાવો અને તમે આળશો. ૫/૨૦૬

૨. આ ગુણાતીતાનંદ સ્વામી અમારું અક્ષરધામ તમને બક્ષિસ આપીએ છીએ. ૫/૨૦૭

૩. અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાર્પણ કરીએ છીએ. ૫/૨૫૨

૪. મહારાજ સ્વામીનું ગાદી - તકિયાથી સન્માન કરે છે. તમારી મોટપ ગાદી-તકિયાથી નથી પણ અનાદિની છે. ૫/૨૫૩

૫. આ ગુણાતીતાનંદ સ્વામી અમારા જેવા જ છે. - જૂનાગઢના નવાબને. ૫/૨૫૬

૬. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ અમારા અક્ષરધામનો અવતાર છે. તેમનો સંબંધ જો મન, કર્મ, વચને રાખશો તો બ્રહ્મરૂપ થઈ અક્ષરધામના અધિકારી થશો. ૫/૨૫૭

**૩. મછિયાવ અને શ્રીનગરમાં ફૂલદોલનો ઉત્સવ**

૧. મછિયાવ અને અમદાવાદના હરિભક્તોએ મહારાજને ફૂલદોલનો ઉત્સવ કરવા આપેલું આમંત્રણ ૫/૧૭૨

૨. ફૂલદોલ ઉત્સવ કરવા મહારાજ બે સ્વરૂપ ધારણ કરે છે. - શ્રીનગરમાં ફૂલદોલનો ઉત્સવ : આ.સં. ૧૮૮૨. ૫/૧૭૩-૧૭૫

૩. 'લોકવિરુદ્ધ આચરણ ન કરવું.' - નારાયણ ઘાટે મંજૂકેશાનંદ સ્વામીને આપેલો ઉપદેશ ૫/૧૭૬

**૪. ઝીણાભાઈના અંત સમયે શ્રીજીમહારાજની ભક્તવત્સલતા અને ઝીણાભાઈનું વ્યક્ત થતું ભક્તપણું**

૧. ઝીણાભાઈની અસાધ્ય માંદગીના સમાચાર સાંભળી મહારાજ જૂનાગઢ ગયા - 'હવે મારો ઝીણો સાજો થઈ જશે.' માતૃશ્રી ગંગાબા - ઝીણાભાઈને તો અમારે એવા મોટા બનાવવા છે કે મૃત્યુ તેમની પાસે આવે જ નહીં ૫/૨૮૫-૨૮૬

૨. ઝીણાભાઈને અંગ્રેજનું રાજ્ય અપાવું તો ? - અતિ મોટા અક્ષરધામમાં ઝીણાભાઈને મોકલીએ. ૫/૨૮૭

૩. હઠીસિંહની કાંઈ ભલામણ કરવી છે ? - તમારો ભગત થશે તો વગર ભલામણે ધ્યાન રાખશો. - મહારાજે નનામી ઉપાડી. - ઝીણાભાઈ તો મહામુક્ત હતા. ૫/૨૮૭-૨૮૯

**(વિભાગ : ૩ - નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. વૈદિક શિક્ષણનું આચમન :** (૧) શિક્ષણ એ ભારત વર્ષનો પુરાતન વારસો - વૈદિક અધ્યયન-અધ્યાપન પરંપરા તે તેનો શ્રેષ્ઠ પુરાવો - વૈવિધ્ય અને વિપુલતા - સર્વાંગ સંપૂર્ણ - સફળ અને અનંત ફલક - કારણ તેમાં પ્રાણ પૂરાયા છે. અધ્યાત્મ વિદ્યાના, બ્રહ્મવિદ્યાના (૨) બ્રહ્મવિદ્યાથી રસબસ વૈદિક શિક્ષણનું આચમન - તૈત્તરીય ઉપનિષદ - આ ઉપનિષદનું સ્થાન કૃષ્ણયજુર્વેદમાં - ત્રણ વિભાગોમાં તેની વહેંચણી - આ વિભાગોને વલ્લી કહેવાય છે. શિક્ષાવલ્લી, આનંદવલ્લી અને ભૃગુવલ્લી. (૩) **શિક્ષાવલ્લી :** સર્વસુખમયતાની યાચના (તૈત્તરીય ઉપનિષદ૧/૧) ઉપનિષદના ઉપદેશક દ્વારા ઉપદેશ કરતાં પહેલાં શાંતિપાઠ - પ્રભુપ્રાર્થના - આરંભમાં સકળ સૃષ્ટિના હિતની માગણી - આ ભારતીય વિચાર વૈભવની અદકેરી વિશેષતા. અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મને નમન - નમો બ્રાહ્મણે - એક જ શબ્દમાં બંને દિવ્ય તત્ત્વોને નમન - બંને દિવ્ય તત્ત્વોનું અનુસંધાન - ઉપનિષદ બ્રહ્મવિદ્યાનું શાસ્ત્ર. - અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમનું તત્ત્વે સહિત જ્ઞાન તે જ બ્રહ્મવિદ્યા. - પ્રત્યક્ષભાવે સ્તુતિ - નમન પછી સ્તુતિ ત્વમેવ પ્રત્યક્ષં બ્રહ્માસિ (તૈત્તરીય ઉપનિષદ૧/૧) - ગુરુ પોતે

અક્ષરબ્રહ્મ અને તેઓમાં પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ અખંડ રહ્યા છે. તેથી આપ જ પ્રગટ અક્ષરબ્રહ્મ અને પ્રગટ પરબ્રહ્મ છો' એવા પરમ દિવ્ય ભાવ સહિત પ્રગટ ગુરહરિનું સેવન કરવું. તેવો મર્મ. **શિક્ષકે લીધેલાં સત્યનાં સોગંધ :** સત્યવાદિતા એ ઉપનિષદનો, અધ્યાપકનો, શિક્ષકનો પ્રથમ આવશ્યક ગુણ - ઋતું વદિષ્યામિ સત્યં વદિષ્યામિ (તૈત્તરીય ઉપનિષદ૧/૧) હું સનાતન સિધ્ધાંત જ કહીશ, સત્ય કહીશ, કારણ ખોટું બોલવું તે પાપ - પણ ખોટું ભણાવવું તે મહાપાપ - સત્યવાદીની સાથે સહનશીલતા અત્રે આવશ્યક - તેથી સત્યની રક્ષા માટે પ્રાર્થના. શિક્ષા એટલે દંડ નહિ પણ વિશિષ્ટ પ્રકારનું શિક્ષણ. **શિક્ષાનો વિશિષ્ટ અર્થ :** વેદો વિજ્ઞાનનો મહાસાગર સાચા વૈજ્ઞાનિક થવા માટે તેનું ઊંડાણથી અધ્યયન આવશ્યક - વેદોની સાચવણી માટે ઉચ્ચારણ - અનુચ્ચારણની પદ્ધતિ. વેદોના અધ્યયનમાં ઉપયોગી એવું શિક્ષણ - કારણ વેદના ઉચ્ચારણમાં કે ક્રમમાં જ ફેરફાર થાય તો સિદ્ધાંત જ નાશ પામે. તેથી જ વેદ પાઠશાળામાં વેદનું અધ્યયન કરવા ઈચ્છનાર વિદ્યાર્થીને પ્રથમ શિક્ષાનું જ્ઞાન આપવામાં આવતું. **શિક્ષણનો મહિમા :** જ્યાં શિક્ષણ ત્યાં પ્રગતિ-ઉન્નતિ - તેથી જ આપણે ત્યાં વૈદિક પરંપરાથી જ શિક્ષણની સતત પ્રેરણાઓ અપાય છે. ઋતું ચ સ્વાધ્યાયપ્રવયતે ચ (તૈત્તરીય ઉપનિષદ ૧/૧૭) સ્વાધ્યાય એટલે અધ્યયન, ભણવું અને પ્રવચન એટલે અધ્યાપન, ભણાવવું - આમ ભણવું અને ભણાવવું તે આપણા શાસ્ત્રોનો આદેશ. **(૪) દીક્ષાંત પ્રવચન :** પદવીદાન, સમારંભોની પરંપરા ભારતવર્ષમાં વૈદિક કાળથી ચાલી આવે છે. - વિદ્યાર્થી આશ્રમ જીવન સ્વીકારે, ગુરુકુળમાં નિવાસ કરે, નિર્ધારીત વર્ષો સુધી વિવિધ વિષયોમાં નિષ્ણાતો, આચાર્યો પાસે અભ્યાસ કરી વિવિધ વિદ્યાઓમાં નિપુણતા - વિદ્યાભ્યાસ પૂરો થયા બાદ પદવીદાન સામરંભમાં આચાર્ય દ્વારા વિવિધ પદવીઓથી વિભૂષિત - આશ્રમજીવનનો અંતિમ માર્ગ - આચાર્ય દ્વારા સ્નેહભર્યા ઉપદેશ વચન, સાચું બોલજે - ધર્મનું આચરણ કરજે, અભ્યાસમાં આળસ ન કરીશ, માતા-પિતા, આચાર્ય અને અતિથિને દેવ સમાન માનજે - સારાં કર્મો કરજે - દોષયુક્ત કર્મો ન કરીશ (તૈત્તરીય ઉપનિષદ ૧/૧) - શાંતિપાઠ કરી શિક્ષાવલ્લીનું સમાપન - તેમાં અતિ ઉન્નત જીવન દૃષ્ટિ અને શિક્ષણની વિચારસમૃદ્ધ ફીલસૂફીનાં દર્શન. **(૫)** આનંદવલ્લી : આનંદવલ્લી ઉઘડે તે પહેલાં જ ઉદ્‌ગારમાં અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત ગુંજી ઉઠે - ૐ ब्रह्मविद आप्नोति परम् (તૈત્તરીય ઉપનિષદ ૧/૧) સમગ્ર બ્રહ્મવિદ્યાનું સૂત્ર - જે બ્રહ્મ અર્થાત્ અક્ષરબ્રહ્મને જાણે તે પરમ અથવા પરબ્રહ્મને પામે - જાણવું એટલે માત્ર માહિતી જ નહિ પરંતુ સાક્ષાત્કાર - પરબ્રહ્મની પ્રાપ્તિનું વરદાન - બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા.... પરામ ગીતા ૧૮ અધ્યાયમાં પણ આ જ વાત સમજાવી. (લો. ૭) આપણો જન્મ બે વાત .... જોડાવું. (સ્વા.વા. ૪/૧૦૧) **બ્રહ્મના સ્વરૂપની ઓળખાણ :** અક્ષરબ્રહ્મ અનંકત છે એટલે વિનાશ રહિત છે, અવિનાશી છે, સીમારહિત છે. અંતર્યામી શક્તિએ કરીને સર્વમાં વ્યાપ્ય. બ્રહ્મ સાથે પરબ્રહ્મના સુખનું પાનઃ અક્ષરબ્રહ્મ જેવું પરમાત્માનું પરમ સુખ ભોગવે છે તેવું જ પરમ સુખ તે બ્રહ્મનો સાક્ષાત્કાર પામનાર બ્રહ્મરૂપ ભક્ત પણ અક્ષરબ્રહ્મ સાથે અક્ષરધામમાં સદાય ભોગવતો રહે છે. અક્ષરબ્રહ્મ તત્ત્વને અસ્તિત્વને ન જાણે તો તે પોતાનું જ અસ્તિત્વ ગુમાવી બેસે છે. (તૈત્તરીય ઉપનિષદ ૨/૬) **પરમાત્મા આનંદમય - રસમૂર્તિ :** आनंदमय रसो वै सः આત્માના પણ આત્મા એવા પરબ્રહ્મ પરમાત્મા આનંદમય છે. रसो वै सः (તૈત્તરીય ઉપનિષદ ૨/૭) રસમય આનંદમય - સર્વેના આનંદના સુખનું કારણ છે. **પરમ આનંદની મીમાસા :** મનુષ્યના એક આનંદની વ્યાખ્યા - એવા સો આનંદ બરાબર મનુષ્ય ગંધર્વનો એક જ આનંદ - ને પછી દેવગંધર્વ તેમ ઉત્તરોત્તર સો, સો આનંદ બાદ અક્ષરબ્રહ્મનો એક આનંદ એમ અહીં અક્ષરબ્રહ્મના ગુણ, ઐશ્વર્ય વગેરેની અનંતતા - પરંતુ પરમાત્માના આનંદની અનંતતા તો - यतो वाचो निर्वतन्ते अप्राप्य मनसा सह(તૈત્તરીય ઉપનિષદ ૨/૯) **આનંદસ્વરૂપ એ જ સર્વ દૃષ્ટાઃ** એ પરમ આનંદમય પરમાત્મા દ્વારા સૃષ્ટિ રચવાનો સંકલ્પ - પરમાત્માની પરમ શક્તિથી દેવો, અગ્નિ, ઈન્દ્ર વગેરે આજ્ઞામાં વર્તે છે - પરમાત્માની પરમ શક્તિનું પ્રતિપાદન. ફળ આનંદમય પ્રાપ્તિ : જે મનુષ્ય આ રીતે ઉપદેશ પ્રમાણે સમજે છે તો તે બ્રહ્મરૂપ થઈ પરમાનંદમય પરમાત્માને પામે - પરમ આનંદના ભોગી બને. **(૬) ભૃગુવલ્લી :** વરુણ નામના ઋષિ પાસે તેમના ભૃગુ નામના પુત્રની આધ્યાત્મિક વિદ્યા શીખવાની વિનંતી (તૈત્તરીય ઉપનિષદ ૬/૧) શિષ્યત્વ સ્વીકાર્યું. પિતાની પ્રસન્નતા - પિતા વરુણે આ જ્ઞાન પુત્ર ભૃગુને આપ્યું - તેથી આ વિદ્યા ભાર્ગવી વિદ્યા તથા વારુણી વિદ્યા તરીકે પ્રસિદ્ધ. **આનંદમય ઉત્પત્તિ-સ્થિતિ પ્રલયના કર્તા :** વરુણ ઋષિ પુત્ર ભૃગુને કહે છે જેને લઈને આ જીવ પ્રાણી માત્ર ઉત્પન્ન થાય છે, જેને લઈને તે બધું જીવિત રહે છે, ટકી રહે છે. વળી, પ્રલય થતાં જેમાં એ બધું સમાઈ જાય છે. તેને તારે જાણવા જોઈએ. (તૈત્તરીય ઉપનિષદ ૩/૬) ખરેખરા આનંદમય પરમાત્માથી જ આ બધું ઉત્પન્ન થાય છે તેમનાથી જ ઉત્પન્ન થયેલું બધું જીવિત રહે છે, ટકી રહે છે અને અંતે પ્રલય પણ એ આનંદમય પરમાત્માથી જ થાય છે. એટલે કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા આનંદમય પરમાત્મા જ છે. **(૭) ઉપસંહાર :** આમ આ ઉપનિષદ

દ્વારા જણાય છે કે આપણું વૈદિક શિક્ષણ કેવળ લૌકિક આવડતો પૂરતું મર્યાદિત નથી - શિક્ષણની દરેક દરેક શાખામાં તે આધ્યાત્મવિદ્યાને ભેળવે છે અને જે શિક્ષણ પોતામાં બ્રહ્મવિદ્યાને સમાવતું હોય તો તે અવશ્ય સર્વ જીવ હિતાવહ જ હોય, સર્વ મંગલમય જ હોય, પરમ આનંદમય જ હોય.

૨. **તપ-ત્યાગના પોષક અને સંવર્ધક નીલકંઠવર્ણી :** (૧) નીલકંઠવર્ણીનું જનમંગલ સ્તોત્ર નામાવલિમાં નામ 'તપઃ પ્રિયાય નમઃ' તથા 'તીવ્ર વૈરાગ્યાય નમઃ' નીલકંઠવર્ણીને તપ બહુ વહાલું હતું અને પોતાને બૃહદ વૈરાગ્ય પણ હતો. જેને પોતાને તપ વહાલું હોય તે જ તેના પોષક અને સંવર્ધક હોઈ શકે. (૨) બાળપણથી જ ત્યાગની વૃત્તિ, જમવામાં, સૂવામાં, રહેણી-કરણી દરેકમાં ત્યાગ અને તપનો આગ્રહ (પ્રસંગો લખવા) (૩) વનવિચરણ દરમ્યાન આકાશવૃત્તિ કે અજગરવૃત્તિ એટલે કે સંગ્રહ કરવો નહિ. (પ્રસંગો) - યાત્રા દરમ્યાન નીલકંઠવર્ણીએ તપ અને ત્યાગમાં આડો આંક વાળી દીધો - ગૃહત્યાગ વખતે અને વનવિચરણમાં ફક્ત કૌપીનભેર - ખુલ્લા પગે - તે વૈરાગ્યની પરાકાષ્ઠા - પુલહાશ્રમમાં તપ કર્યું તે તપની પરાકાષ્ઠા (અન્ય પ્રસંગો) આવું તપ અને વૈરાગ્ય અન્ય કોઈ કરી જ ન શકે. ફક્ત નીલકંઠવર્ણી સિવાય. (૪) સ્વયં તપ આદરીને પોતે તપના પોષક બની રહ્યા. વચનામૃતોમાં પણ પોતાને તપ વહાલું છે. તેનો ઉલ્લેખ મહારાજ કરે છે. (પ્રસંગો) (૫) તપ અને ત્યાગનું જે પ્રતિપાદન કર્યું, રાજીપો બતાવ્યો તેનું સંવર્ધન કર્યું, પોષણ કર્યું તેવું જ પોષણ - મહારાજના વખતથી ગુરુપરંપરા દ્વારા - આ ભૌતિક સાધનોની રેલમછેલમાં પણ તપ અને ત્યાગ રાખનારા અનેક મુમુક્ષુઓ હરિભક્તો સંતો સ્વામીની સેનામાં) તેથી જ ત્યાગનું તપનું મૂર્તિમાન સ્વરૂપ એટલે નીલકંઠવર્ણી - કઠિન અને બૃહદ વૈરાગ્ય શું છે તે નીલકંઠવર્ણીના આ તપ-ત્યાગથી અનુભૂતિ કરી શકાય. - ઉપસંહાર.

૩. **એકાંતિક ધર્મની પુષ્ટિ - સત્પુરુષમાં જોડાણ :** (૧) એકાંતિક ધર્મના ચાર પાયા કહેતા કે ચાર અંગ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ. સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર પ્રગટ થયા તેમનો હેતુ એકાંતિક ધર્મનું સ્થાપન મુખ્ય હેતુ હતો. (૨) શ્રીજીમહારાજે વચનામૃતમાં તથા ગુણાતીતાનંદ સ્વામીએ પણ તેમની વાતોમાં કહે છે કે સત્પુરુષ એ મુખ્ય છે. એકાંતિક ધર્મનું સ્વયં દૃઢતાથી પાલન કરીને અનુયાયીઓને કરાવે છે. (પ્રસંગો લખવા) પોતામાં જે ગુણ હોય તે ગુણો તેઓ બીજાને આપે છે. તે સૌને તે રીતે વર્તાવે છે. (૩) શ્રીજીમહારાજ અને ગુરુપરંપરા દ્વારા આજ દિન સુધી ધર્મ-મર્યાદા, નિયમ-ધર્મનું યથાર્થ સારધાર પાલન, લેશમાત્ર બાંધછોડ નહિ (પ્રસંગો) - સ્વામીશ્રીના નિષ્કામ ધર્મ પાલન (સ્ત્રીપુરુષ મયાર્દા) વગેરે અંગેના પ્રસંગો. (૪) જ્ઞાન - આત્મા - પરમાત્માનું જ્ઞાન સત્પુરુષમાં જોડાવાથી થાય - સત્પુરુષ બ્રહ્મસ્વરૂપે આત્મારૂપે વર્તે તેથી માન-અપમાન, સુખ-દુઃખ વગેરે દ્વંદ્વોથી પર - એકાંતિક ધર્મનું મુખ્ય અંગ જ્ઞાન - આત્મા-પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય તો સારા-માઠા પ્રસંગે સ્થિરતા રહે. (પ્રસંગો લખવા) (૫) મોટા પુરુષ જે રીતે ભક્તિ કરે, ગુરુનો ભગવાનનો મહિમા સમજીને ભક્તિ કરે - ભગવાનનું સ્વરૂપ ઓળખે અને ઓળખાવે - પોતાના અનુયાયીઓની સ્વરૂપનિષ્ઠા પાકી કરાવે - ભક્તિ દ્વારા સ્વરૂપનિષ્ઠાનું પોષણ થાય. (પ્રસંગો લખવા) (૬) મોટા પુરુષનો વૈરાગ્ય - સંસાર, જગત પ્રત્યે વિરક્તિ છતાં મુમુક્ષુઓના સાંસારિક પ્રશ્નોના ઉકેલ માટે તત્પરતા (પ્રસંગો લખવા) (૭) આમ, એકાંતિક ધર્મની પુષ્ટિ સત્પુરુષના જોડાણથી જ થાય. મુમુક્ષુ જીવોમાં એકાંતિક ધર્મના બીજ પડેલ જ હોય તેથી આ જોડાણથી બીજ પાંગરે અને એકાંતિક ધર્મના માર્ગે આગળ વધે, પુષ્ટિ થાય. (વચનામૃતોનો ઉલ્લેખ કરી શકાય) - ઉપસંહાર.

❑ ❑ ❑